

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કપટી સ્નેહની ગાંઠ લાંબે ગાળે છૂટી જાય છે,*
*આવા પ્રેમ પરપોટા પેદા થતાં જ ફૂટી જાય છે,*
*ખૂટી જાય છે વિશ્વાસ, હૃદય થઈ જાય વેરાન -*
*સ્વાર્થથી બંધાયેલા સંબંધો તડાક તૂટી જાય છે...*

હાઈકુ

*મોટી ઉમરે,*
*ઘોડે ચઢે તો પછી -*
*'લૂલી' જ મળે !*
*(૧૮ નવેં - સલમાનભાઈ)*

*મૂકી દો છૂટ -*
*બોર્ડ-નિગમ્ ખેતરે,*
*આપણું ધણ !!*
*(બાકી રહેલા બધાને પદ)*

### ચિંતન

*યદ્દશક્યં ન તચ્છકયં યચ્છકયં શક્યમેવ તત્ ।*
*નોદ્દકે શકટં યાતિ ન ચ નૌર્ગચ્છતિ સ્થલે ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના પ્રકરણનો આ શ્લોક બીજા અધ્યાયમાંથી લેવામાં આવ્યો છે :

જેને માટે જે ખરેખર 'અશક્ય' છે તે તેને માટે - તે પરિસ્થિતિમાં સદાય અશક્ય જ રહેવાનું છે. ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં તે શક્ય બનવાનું નથી.

- અને જે, બાબત જેના દ્વારા શક્ય હોય તે શક્ય ઓછા પ્રયત્ને પણ શક્ય બનીને જ રહે છે.

ગમે તેટલા ઊંડા અને બળપૂર્વક વહેતાં પાણીમાં ગાડું (ગાડી-કાર) ચલાવી શકાતી નથી. પાણીમાં પૈડાવાળું વાહન ચલાવવું શક્ય નથી.

- અને નાવ-વહાણ રસ્તા પર ચલાવવાનું શક્ય નથી. આમ જે તે પરિસ્થિતિમાં અશક્ય છે અશક્ય જ રહે છે. એવી બાબત માટે નકામો પુરુષાર્થ કરી બળ-સમય બગાડવાનો કોઈ જ અર્થ નથી.

### સુવિચાર

- સામેનો પવન ગતિ રોકે છે, પાછળનો પવન ગતિ વધારે છે, પ્રશંસકો સામેથી આવે છે, નિંદકો પાછળથી આવે છે- **અખંડ આનંદ**
- બુદ્ધિમાન વિચાર્યા પછી જ વર્તે છે અને મૂર્ખ વર્ત્યા પછી જ વિચારે છે - **એસ. બટ્ટાચાર્ય**
- અન્યની આંતરડી ઠારે એની ઉપર જ ઈશ્વરની આંખ ઠરે - **ભૂપત વડોદરિયા**
- રોગ, વૃદ્ધાવસ્થા અને આપત્તિ પાછળ પડે છે ત્યારે જ માણસ ઈશ્વરની પાછળ પડે છે - **કાંતિ ભટ્ટ**
- 'હું' અને 'મારું' કરવા કરતા 'આપણે' અને 'આપણું' કરવાથી જીવન સુખમય બને છે - **જીવનસૂત્ર**
- એક વખત સ્વતંત્ર રીતે વિચારતા આવડી જાય પછી
  આપણે જ આપણા શિક્ષક બની શકીએ - **નાના પાટેકર**
- આજનું ઔષધ : હેડકી આવતી હોય તો ફૂદીનાના પાનને અંજીર સાથે ચાવી જવાથી ફાયદો થાય છે

**(દિપક વી. આસરા)**

### બોધકથા

વહીવટ અને સમાજમાં, અધિકારી-કર્મચારીઓમાં ભ્રષ્ટાચારનું ભૂત એવું ફેલાયું છે કે કાયદાના અમલ માટે થતી દંડની સજાઓ 'સમજુતિના વહીવટ' થી નિરર્થક થઈ જાય છે. કાયદા લૂલા અને તિજોરી ખાલી જ રહે છે તેમજ વિકાસ માટે અપાતી ગ્રાંટો પણ રસ્તામાં જ ઓગળી-પીગળી જાય છે. પ્રજા સુધી તેના પરિણામ પહોંચતા નથી.

રાજા ફેડરિક પોતાના રાજયમાં અનેક કાયદાઓના અમલ માટે દંડની જોગવાઈ કરી અને વિકાસ માટે સંસ્થાઓને અનુદાન આપ્યાં - પણ કયાંય પરિણામ દેખાતું નો'તું.

એમના રાજગુરુ જ્ઞાની-સંત હતા. ફેડરિકે પોતાની સમસ્યા રજૂ કરી. રાજગુરુએ દરબારીઓને બોલાવ્યા અને વર્તુળમાં ઊભા રાખ્યા. પછી બર્ફનો ગાંગડો મંગાવી ફેડરિકને કહ્યું, તારા જમણા હાથ તરફના દરબારીને એ ગાંગડો આપ અને આખું વર્તુળ ફરી આવે ત્યાં સુધી રાહ જો. બરફનો ગાંગડો નાની કાંકરી થઈ રાજાના હાથમાં પરત આવ્યો... રાજગુરુએ કહ્યું, બરફનો ગાંગડો દરબારીઓનાં 'સ્પર્શ' થી જેમ ઓગળી ગયો તેમ તમારા રાજની આવક પણ તમારા 'સેવકો' ના હાથની ગરમીમાં પીગળી જાય છે, ફેડરિકને સમજ પડી ગઈ.

# લૂલા બચાવથી ઈજ્જત વધતી નથી

આપણી જાણીતી કહેવત યાદ આવે છે : બૂંદ સે ગઈ વો હોજ સે નહિં આતી. એક વાર કીર્તિને કલંક લાગી ગયા પછી લાખ વાનાં કરીએ તો પણ એ પાછી નથી આવતી. જાહેર જીવનમાં પડેલા મહાનુભાવોએ તો ખાંડાની ધારા પર ચાલવાનું હોય છે. માનવ સમાજે પોતે જે પોતાના હિતમાં કેટલાંક સામાજિક બંધનો સ્વીકારેલાં છે. એ બંધનોમાં નહીં રહેનાર પ્રત્યે સ્વાભાવિક રીતે જ સમાજ તિરસ્કારની નજરે જુએ છે. સેક્સ કે 'કામ' એ જીવનનો અનિવાર્ય અને અવિભાજ્ય અંશ હોય તો પણ એના પર નિયંત્રણ જરુરી મનાયું છે. સમાજમાં વ્યવસ્થા જળવાય એટલા સારું જ લગ્ન પ્રથા પણ શરુ થઈ હશે. નહીંતર પ્રાકૃત જીવનમાં આવાં કોઈ બંધન ન જ હોય. પ્રાણીઓ અને પક્ષીઓમાં પણ અમુક અંશે વફાદારી અને પરિવારભાવના જોવા મળે છે. નરની ફરજ પરિવારને રક્ષણ આપવાની છે, તે બાબત સિંહથી લઈ વાંદરા સુધીમાં જોઈ શકાય છે. પરસ્પરની સંમતિથી કરેલો કામાચાર વર્જ્ય ન ગણાવો જોઈએ, પણ એ તો ઘણી ઉદાર વિચારધારા થઈ. આપણે એને 'રેશનાલિઝમ'ના હુલામણા નામે ઓળખીએ છીએ. અરવિંદ કેજરીવાલે અશ્લીલ સીડી કાંડ બહાર આવતાં જ ચૂપચાપ એમના મંત્રીમંડળના સાથીને પાણીચું પકડાવી દીધું હતું પણ આમ આદમી પાર્ટીના પ્રવક્તા અને વરિષ્ઠ પત્રકાર આશુતોષે પાર્ટી માટે પેટ ચોળીને પીડ ઊભી કરે છે. પ્રસ્થાનિક નૈતિક મૂલ્યો સામે બૌદ્ધિક દલીલો વાંઝણી નીવડે છે. આશુતોષે પરસ્પરની સંમતિથી થતા કામાચારમાં કશું ખોટું નહીં હોવાની થિયરી આગળ ધરીને એમની પાર્ટીના કાર્યકરનો લૂલો બચાવ કરવાનો પ્રયાસ કર્યો છે. સમાજમાં પ્રસ્થાપિત મૂલ્યોને અવગણવાનું અઘરું છે. ખુદ ગાંધીજી જેવા યુગપુરુષને 'સત્યના પ્રયોગો' અન્વયે આવા મુદ્દે વરિષ્ઠ સાથીદારોના ઠપકા સાંભળવા પડેલા. એક તબક્કે સરલા દેવી સાથે લગ્ન કરવા તૈયારી દર્શાવી બેઠેલા મહાત્માને પણ પારોઠનાં પગલાં ભરવાં પડેલાં તે સુવિદિત છે. આશુતોષે પં. જવાહરલાલ નહેરુ, રામમનોહર લોહિયા કે અટલ બિહારી વાજપેયી જેવી હસ્તીઓના જીવનમાં બનેલી આવી ઘટનાઓનો હવાલો આપ્યો છે, અને જયોર્જ

**તંત્રીસ્થાનેથી...**

ફર્નાન્ડિસના જયા જેટલી સાથેના પ્રણય સંબંધની વાત પણ કરી છે. પરંતુ એમની પાર્ટીની જે વ્યક્તિ સેક્સકાંડમાં સંડોવાઈ હોવાનું બહાર આવેલ છે તેનું કદ કયાં અને આશુતોષ જેમનાં દૃષ્ટાંત આપી એનો બચાવ કરવા માગે છે એનું કદ કયાં! અલબત્ત, એનો અર્થ એ પણ નહીં કે મોટા કરે તે લીલા અને નાના કરે તે છીનાળું! પરંતુ સમાજ દ્વારા પ્રસ્થાપિત જીવન મૂલ્યોની કદાચ મોટા ગજાના લોકોએ અવગણના પણ કરી હશે તો પણ સમાજે એમની સેવાપરાયણતા, સમર્પણ અને ત્યાગને ધ્યાને લઈ એમની તથાકથિત અવળચંડાઈ પ્રત્યે આંખ આડા કાન કરવાનું પસંદ કર્યું હશે. આશુતોષ પણ આ મુદ્દો બરાબર સમજતા જ હોય. છતાં એમણે પોતાના ઈતિહાસજ્ઞાનનું પ્રદર્શન કરી અકારણ અળખામણા બનવાનું કે ચર્ચાસ્પદ બનવાનું પસંદ કર્યું હોય તો એમાં પાર્ટીની છબીને થતું નુકશાન અટકાવવા કરતાં પોતાની ધાક જમાવવાનો જ ઈરાદો હોય એવું લાગે છે. એમના લૂલા બચાવથી સમાજ જે નૈતિક મૂલ્યોનો સ્વીકાર કરે છે, એનો ત્યાગ કરવાનો નથી.

# આર જે ધ્વનિતની સામાજિક નિસબત : ૭૫ હજાર વૃક્ષોનું વાવેતર

**નાને દીવડે દિવાળી**
**અનિતા તન્ના**

કેટલાંક રેડિયો સ્ટેશનો અને આરજે (રેડિયો જોકી) ધ્વનિ પ્રદૂષણમાં મહત્તમ ફાળો આપતાં હોય છે ત્યારે 'રેડિયો મિર્ચી'ના અમદાવાદ સ્ટેશન આરજે ધ્વનિતના માધ્યમથી શહેરમાં ૭૫ હજાર વૃક્ષોનું વાવેતર કરી રહ્યું છે. 'ટ્રી ઈડિયટ' ના નામ સાથે શરૂ થયેલી આ લોક-ઝુંબેશમાં ધ્વનિતને લોકોમાં પર્યાવરણ પ્રેમ ઊભો કરવા અવનવી વાતો કરી. વૃક્ષો સાથે સંકળાયેલી સ્પર્ધાઓ રાખીને શ્રોતાઓને ઈનામો આપ્યાં તો વૃક્ષો વિશેની ઓછી જાણીતી માહિતી આપીને તેમનું પર્યાવરણ અંગેનું જ્ઞાન પણ વધાર્યું. તેમણે લોકોને વધુને વધુ વૃક્ષો વાવીને અમદાવાદને 'ઝાડ પ્લસ' સિક્યુરિટી આપવાનું આહ્‌વાન કર્યું.

ધ્વનિતનું આહ્‌વાન લોકોએ સ્વીકાર્યું. આ ઝુંબેશ શરૂ થઈ ત્યારે શહેરમાં ૨૧ હજાર વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક હતો જે પછીથી ૫૧ હજારનો કરાયો. અલબત્ત, લોકોનો ઉત્સાહ એટલો જબરજસ્ત હતો કે ૫૧ હજારનો લક્ષ્યાંક ૭૫ હજારનો બની ગયો. ૭૫ હજાર વૃક્ષોના લક્ષ્યાંક પછી પણ શહેરીજનોની રજિસ્ટ્રેશન માટેની માગ તો ચાલુ જ રહી.

ધ્વનિત કહે છે કે "લોકોનો પ્રતિસાદ ભાવવિભોર કરે તેવો છે. અમદાવાદ તો મહાજન પરંપરાનું શહેર છે. લોક ઉપયોગી પ્રવૃતિમાં અમદાવાદ ક્યારેય પાછું પડતું નથી. અમદાવાદી કંજૂસ કે ગણતરીબાજ છે તેવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે, પણ તેની સાચી ઓળખ તો પરગજુપણાની છે. તેની આ ઓળખ પ્રચ્છન બની રહી છે તે દુઃખદ છે."





ધ્વનિતે ઉમેર્યું કે "ગયા વર્ષે અમે ઝુંબેશ કરીને જે વૃક્ષો વાવ્યાં હતાં તે વૃક્ષોનું શહેરીજનોએ કાળજી પૂર્વક જતન કર્યું છે. એક એપાર્ટમેન્ટમાં ગયા વર્ષે વાવેલાં ૪૦ વૃક્ષો અમે આ વર્ષે જોયાં. ચાલીસે ચાલીસ વૃક્ષો હયાત છે અને સરસ રીતે જીવી રહ્યાં છે. આ બાબત બતાવે છે કે શહેરીજનો માત્ર વાવવા ખાતર છોડ વાવતા નથી, પણ પ્રેમથી સમય આપીને તેને ઉછેરે પણ છે."

'રેડિયો મિર્ચી' એ આ અભિયાન અમદાવાદ નગરપાલિકાના સહયોગથી કર્યું હતું. કોઈ પણ વ્યક્તિ સહેલાઈથી ભરી શકે તેવું સાવ સાદું ફોર્મ વોર્ટસ -એપ પર ઉપલબ્ધ હતું. નોંધણી થયા પછી રેડિયો મિર્ચી અને મહાનગરપાલિકાની ટીમ છોડ-રોપાઓ લઈને જે તે સ્થળે પહોંચી જતી હતી. અમદાવાદના મેયર ગૌતમ શાહ કહે છે કે શહેરીજનોની ભાગીદારી જીવંત હતી. પ્રજાકીય ધોરણે થતા આવા પ્રયાસો પ્રસંશનીય છે.

નાનાં-મોટાં ઘર, એપાર્ટમેન્ટ, ટેનામેન્ટ્સ, રો-હાઉસ, બંગલોઝ, ક્લબ, શાળા કોલેજો વિવિધ સંસ્થાઓ, વ્યવસાયિક જૂથો વગેરે અનેક પ્રકાના લોકો અને સંસ્થાઓએ આ અભિયાનમાં ખૂબ જ રસ લીધો. હવે અનેક લોકોને વૃક્ષ દત્તક આપવાનું કાર્ય પણ જોરશોરથી ચાલી રહ્યું છે.

ધ્વનિત કહે છે તેમ ગયો ઉનાળો અમદાવાદ માટે ઘણો આકરો હતો તેના કારણે પણ કદાચ આ ઝુંબેશને વ્યાપક પ્રતિસાદ મળ્યો.

ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ન ઉકેલી શકાય તેવા ઝોનમાં પ્રવેશ કરે તે પહેલાં આપણે પર્યાવરણ સાથે પાકી મૈત્રી કરીને ભાવિ પેઢીને સુરક્ષિત પૃથ્વી આપવી જોઈએ. આવા પ્રયાસો એ દિશા તરફની ગતિ કરાવે છે.

આરજે ધ્વનિતે પોતાની લોકપ્રિયતાને આવા સદ્‌કાર્યમાં સંયોજીને તે અમદાવાદ શહેરનો પ્રતિષ્ઠિત વ્યક્તિવિશેષ શા માટે ગણાય છે તેની તેણે ખાતરી કરાવી. અભિનંદન ધ્વનિતને, ધન્યવાદ અમદાવાદને.

**(રા પોઝિટિવ મિડિયા પરિવાર)**

# મૈં બહુત કુછ સોચતા રહેતા હું પર કહેતા કુછ નહિ, બોલના ભી હૈ, મના સચ બોલના તો દરકિનાર...!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



'હો ગઈ હૈ પીર પર્વત સી પીઘલની ચાહિયે, ઈસ હિમાલય સે કોઈ ગંગા નિકલની ચાહિયે...'....'ઈસ વિફલ વાતાવરણ મેં જોં કિ લગતા હૈ કહીં પર, કુછ મહક સી તો છૂપી હૈ ભાવના હૈપ સવેરા હો...'...'ભૂખ હૈ તો સબ્ર કર, રોટી નહી તો ક્યા હુઆ ?'...'જિસ તરહ ચાહો તુમ બઝાઓ હમે, હમ નહિ હૈ આદમી હમ ઝુનઝુને હૈ..'..'આપકે કાલીન દેખેંગે કિસી દિન, ઈસ સમય તો પાવ કીચડ મેં સને હુયે હૈ...'...'રાખ કિતની રાખ હૈ ચારો તરફ બિખરી હુઈ, રાખ મેં ચીન્ગારીયા હી દેખ અંગારે નાં દેખ...''...'યહાં તક આતે આતે સુખ જાતી હૈ સારી નદિયા, મુજે માલુમ હૈ પાની કિસ જગહ ઠહેરા હોગા...' અને જે ચંદ લાઈનો બોલ્યા વગર લગભગ કોઈ પણ આંદોલન કે વિદ્રોહની રેલી અધુરી રહે છે એ...'સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહિ, સારી કોશિશ યે હૈ કી સુરત બદલની ચાહિયે...મેરે સીને મેં નહી તો તેરે સીને મેં સહી, હો કહી ભી આગ લેકિન આગ જલની ચાહિયે...' છે ને કવિતાની કમાલ...! શબ્દે શબ્દે જાણે કે રુવાડા ઉભા થઈ જતા હોય એવી ફીલિંગ કે પછી વાંચતા જાવ એમ એમ આંખમાં ગુસ્સા કે બદલાવની લાલ ટસર ફૂટતી જાય એવી ચોટદાર પંક્તિઓ...! આ તો માત્ર દરિયામાંથી આચમન છે...અને આ દરિયો છે દુષ્યંતકુમાર નામના વિદ્રોહી અને દેશી ભાષામાં કહીએ તો એક 'આકરા પાણીએ 'શાયરનો..!

૧લી સપ્ટેમ્બર ૧૯૩૩માં જન્મેલો આ 'હિન્દી ગઝલ' નો જનક ૪૨ વર્ષની ટચુકડી પણ સાહિત્યની દૃષ્ટીએ અમાપ યાત્રા જીવીને ૩૦ ડીસેમ્બર ૧૯૭૫મા તો 'સાયે મેં ધૂપ' ખાવા નીકળી પણ ગયો પણ આ ૪૨ વર્ષની એની વામન છતાં વિરાટ ગઝલ / કવિતા યાત્રા એટલી તો જોરદાર અને એકદમ સટીક રહી કે આજે એના ગયાને ૪૦થી વધુ વર્ષો થવા આવ્યા છતાં પણ દુષ્યંતકુમારની ગઝલ/કવિતા લાખો પ્રમીઓના દિલમાં નિરંતર ધડકે છે. અને એનું કારણ ખુદ દુષ્યંતકુમાર જ બતાવે છે. દુષ્યંતકુમારના સૌથી વધુ અને અચૂક વાંચવા લાયક ગઝલસંગ્રહ 'સાયે મેં ધૂપ' માં ખુદ કવિ જ કહે છે કે 'હિન્દી અને ઉર્દુ જ્યારે પોતપોતાના સિંહાસનો પરથી નીચે ઉતરીને આમ / સામાન્ય માનવીની પાસે આવે છે તો એ બંને વચ્ચે ફર્ક કરવો મુશ્કેલ બની જાય છે. મારી ઈચ્છા અને કોશિશો એ જ રહી છે કે આ બન્ને ભાષાને બને એટલી વધુ નજીક લાવું. એટલે આ ગઝલો એ જ ભાષામાં લખી છે કે જે ભાષામાં એક સામાન્ય કે આમ માણસ બોલે છે...' અને મરતે દમ તક દુષ્યંતકુમારે આ વચન પાળી બતાવ્યું. દુષ્યંતે ઉર્દુની પ્રતિષ્ઠિત ગઝલ વિદ્યાને અપનાવીને એવી હિન્દી ગઝલો લખી કે જે વાંચીને સામાન્ય વાંચક એની સાથે તરત જ કનેક્ટ થતો રહ્યો. પછી ચાહે એ આક્રોશની કવિતાઓ હોય કે મહોબ્બતની, બેબસીની હોય કે પછી અંદર અનુભવાતા ખાલીપાની હોય કે પછી વ્યંગના માધ્યમથી રાજકારણ અને વ્યવસ્થા પર કાતિલાના ચોટ/પ્રહાર કરતી કવિતાઓ હોય...! યસ, 'મેરે દિલ પે હાથ રખ્ખો મેરી બેબસી કો સમજો, મૈ ઈધર સે બન રહા હું, મૈ ઈધર સે ઢહ રહા હું...' આમ આદમીની વ્યથા અને સીસ્ટમ સામે લોકોને જાગૃત કરવા કરવામાં દુષ્યંતકુમાર અંદરથી કેટલો તૂટી ગયો હશે કે વિચલિત થઈ ગયો હશે એનો આ શેર નમુનો છે.

દુષ્યંતે નાટક, કાવ્યનાટક, નવલકથા અને લઘુકથાઓ પણ લખી પરંતુ એમની કવિતા કે ગઝલો વધુ પ્રચલિત અને પ્રશંશનીય રહી. એવું નહોતું કે ખાલી વિદ્રોહ કે વ્યવસ્થાના નામે જ લખ્યું છે આ સિવાય પણ દુષ્યંતકુમાર અનેકો પરિસ્થિતિઓ પર લખતા રહ્યા. જિંદગી પર એમણે 'પત્તો સે ચાહતે હો બજે સાજ કી તરહ, પેડો સે પહેલે આપ ઉદાસી તો લીજીયે' કે પછી મહોબ્બતથી ભરપુર આ શેર 'વો ઘરમેં મેજ પર કહોની ટીકાયે બૈઠી હૈ, ઠહરી હુઈ હૈ વહી ઉમ્ર આજકલ લોગો'. 'દુખ કો બહુત સહેજ કે રખના પડા હંમે, સુખ તો કિસી કપૂર કી ટીકીયા સ ઉડ ગયા', 'લેકર ઉમંગ ચલે થે હંસી-ખુશી, પહુંચે નદી કે ઘાટ તો મેલા ઉજડ ગયા' એકદમ કબીર ટાઈપ આ શેરમાં કેટલી ગહન વાત કરી છે. ઓછા સાધનો છતાં બી પોઝીટીવ રહેવાની વાત કરવી દુષ્યંતકુમારની ખાસિયત હતી 'ઈસ નદી કી ધાર સે ઠંડી હવા આતી તો હૈ, નાવ જર્જર હી સહી લહેરો સે ટકરાતી તો હૈ...' કે પછી જ આવી પોઝીટીવીટીની વાત કરતો આ શેર 'એક ચિનગારી કહી સે ઢૂંઢ લાઓ દોસ્તો, ઈસ દિયે મેં તેલ સે ભીગી હુઈ બાતી તો હૈ દુષ્યંત આશાવાદી કવી પણ હતા જ 'ખુદા સહી ના સહી આદમી કા ખ્વાબ સહી, કોઈ હસીન નજારા તો હૈ નજર કે લિયે.'

દુષ્યંત પરિવર્તનનો કવિ હતો, બદલાવનો કવિ હતો,સંઘર્ષનો કવિ હતો એટલે સ્વાભાવિક એમની બધી જ કૃતિઓમાં આ ભાવ અચૂક ડોકાતો. 'મૈ બેપનાહ અંધેરો કો સુબહ કૈસે કહું, મૈ ઈન નજારો કા અંધા તમાશબીન નહિ', 'મુજમે રહેતે હૈ કરોડો લોગ ચુપ કૈસે રહું, હર ગઝલ અબ સલ્તનત કે નામ એક બયાન હૈ' એની કવિતાઓમાં બદલાવની સાથે સાથે એક આશા અને એક હિમ્મતનું પણ નિરૂપણ રહેતું 'એક દરિયા હૈ યહા પર દુર તક ફૈલા હુઆ, આજ અપને બાજુઓ કો દેખ પતવારે ન દેખ' જ્યારે ઉર્દુ શાયરી મહોબ્બત, જામ, સાકી, બઝ્મ, સાગર, મહેબુબા કે શૈયાદ જેવા શબ્દો પુરતી જ સીમિત રહી એવા વખતે દુષ્યંતકુમારની સીધી વ્યવસ્થા થી ટકરાવની વાત કહેતી, જિંદગીનો સરળ મતલબ સમજાવતી અને ખાસ તો પરિસ્થિતિ પ્રત્યે સમ્વેદના પ્રગટ કરીને આશા, પ્રેરણા અને હિમ્મત આપતી રચનાઓ વધુ પ્રખ્યાત બની.'કૌન કહેતા હૈ આસમાં મેં સુરાગ નહિ હો શકતા , એક પત્થર તો તબિયત સે ઉછાલો યારો 'જેવી અજર અમર પંક્તિઓ લખી જનાર દુષ્યંતકુમારની રચનાઓની વાત કરવા જગ્યા ઓછી પડે પણ એમના જ એક શેર સાથે હિન્દી ગઝલોના આ ગાલિબને વંદન 'ખરગોશ બનકે દૌડ રહે હે તમામ ખ્વાબ, ફિરતા હૈ ચાંદનીમેં કોઈ સચ ડરા-ડરા'...!

# ભારતીય ટેલિવીઝનનો સૌથી લોકપ્રિય કૉમેડી શો : ધ કપિલ શર્મા શો

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



૨૧મી સદીની સૌથી સમસ્યા હેલ્થની બનવાની છે. કેમ કે વિશ્વ જેટલું નાનું થતું જાય છે એટલી જ સમસ્યાઓ મોટી થતી જાય છે. અને હવે માણસ અનાજ, ફળ, ફ્રૂટ્સ, દુધ, દહીં, છાસ ઉપરથી વિટામિનની ગોળીઓ ઉપર આવી રહ્યો છે. બીજી તરફ વિશ્વના માર્કેટમાં ખાણી પીણીના વધી રહેલા અનેક વિકલ્પો પણ હેલ્થ માટે જોખમી બની રહ્યા છે. તો વળી માનસિક તાણ એ ૨૧મી સદીનો શ્રાપ છે. આજે પ્રત્યેક માણસ કોઈને કોઈ તાણ અનુભવે છે. આવા સમયે હેલ્થ સારી રાખવાનો એક જ રામબાણ ઈલાજ છે 'હાસ્ય' વર્ષો પહેલા આપણા ભારતીય સમાજમાં કોમેડિયનને એકદમ ગૌણ અને નાનો કલાકાર માનવામાં આવતો હતો. પરંતુ છેલ્લા થોડા વર્ષોથી ટી.વી પર હાસ્યના રિયાલીટી શૉને કારણે હાસ્ય અને હાસ્યકલાકારો ઘર ઘરમાં પ્રસ્થાપિત થવા લાગ્યા છે. SONY TV પર દર શનિ-રવિ રાત્રે નવ વાગ્યે રજુ થતો 'ધ કપિલ શર્મા શૉ' એ હાસ્યની આખી પરંપરા બદલી નાખી છે. આ અગાઉ આપણે વર્ષોથી હિન્દી ફિલ્મોમાં જોતા આવ્યા છીએ કે હાસ્ય એટલે માત્ર મિમિક્રી કે માણસોને ગલગલીયા કરે એવા સંવાદો કે જોક્સ કે વાતો. પરંતુ આ કપિલ શર્માના શૉએ વિશ્વભરના હાસ્ય કલાકારોને વિચારતા કરી દીધા છે. આ હાસ્ય શૉની સૌથી મોટી વિશેષતા એ છે કે આ શૉ પારિવારિક છે. આખા પરિવારના સભ્યો સાથે બેસીને માણી શકે એનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. અહી આવનાર સેલિબ્રિટીઓના સ્ટેટસનું પણ સન્માન જાળવીને એમની સાથે વાતો – વ્યવહાર કરવામાં આવે છે.




કપિલની એન્ટ્રી જ ઉછળતા કુદતા અને મૂક્ત મને બોલતા થતા જ શૉ એની પકડ જમાવી દે છે. આરંભે ખુદ કપિલ થોડી હળવી વાતો, કોઈ વિષય કે મુદ્દાને લઈને આખો માહોલ બનાવે છે. તો વળી આરંભે ક્યારેક એક નાની સ્ટોરી બનાવી બધા જ પાત્રો દ્વારા આખી ઘટના વિવિધ પ્રકારના અભિનય કરીને પ્રસ્તુત કરે છે. કોઈપણ જાતના લોજિક વિના ભજવાતી આવી સ્ટોરી, પાત્રોની મૂર્ખામી, એકબીજાની ઠેકડી અને છબરડાથી ખુબ જ હાસ્ય ઉત્પન્ન થાય છે. કપિલના શૉનું સૌથી મજબૂત કોઈ પાત્ર હોય તો તે છે ડૉ. મશહુર ગુલાંટી. સફેદ વિખરાયેલા વાળ, મોટી આંખો, લચકાતી ચાલ, ગંભીર પ્રકારનું જ્ઞાન ધરાવતો ચહેરો અને બોલવાની લઢણ આ બધુ એક વિશિષ્ટ છાપ ઊભી કરે છે. સુનિલ ગ્રોવર નામના ૩૯ વર્ષનો આ 'હાસ્ય અભિનેતા' વિવિધ રીતે હાસ્ય નિપજાવવામાં નિપુણ છે.

આંગિક, વાચિક અને સાત્વિક અભિનયના ત્રિવેણી સંગમ આ કલાકારે ખુબ જ લોકચાહના મેળવી છે. ફિલ્મ અભિનેત્રી જેકલિન તો આ ડૉ. મશહુર ગુલાંટીની ખુબ મોટી ફેન છે. એક એપિસોડમાં એ પોતાની ફિલ્મ પ્રમોટ કરવા આવી ત્યારે પણ એણે કપિલને બે વખત પૂછેલું કે ડૉ. મશહુર ગુલાંટી ક્યારે આવશે ? અને ડૉ. આવતા જ જેકલિન એને રોમાંચ, રોમાંસ, મુગ્ધતા અને સન્માનની નજરે જોઈ જ રહે છે. અગાઉના શૉમાં પણ "ગુથ્થી" નામથી જાણિતા બનેલા આ કલાકારે અહીં પણ પોતાના વિવિધ પાત્રોથી ભારતભરના તમામ પ્રેક્ષકોના હદયમાં પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવી લીધું છે. ડૉ. ગુલાટીના જુદી જુદી જાતના ટેસ્ટ પણ મેડિકલ ઈતિહાસના હાસ્યપ્રદ ટેસ્ટો બને છે. આ કલાકારે માત્ર પ્રેક્ષકોને જ નહીં, ખુદ કપિલ સહિત આવનાર તમામ સેલિબ્રિટીઓને પણ પેટ પકડીને હસાવ્યા છે. ડૉ. તરીકેની એની વિદ્વતાભરી મૂર્ખતા, આંખોના ભાવ, શારિરીક ચેષ્ટાઓ, કપિલ દ્વારા વાળ પકડીને સોફામાં બેસાડ્યા (પછાડ્યા) પછી બોલાતા શબ્દો અને વળી સ્ત્રી પાત્રોના નૃત્ય, રોમાંસ, સેક્સી અદા અને મસ્તી આ બધુ ડૉ. મશહુરને ખરેખર વિશ્વ આખામાં મશહુર બનાવે છે.

આ શૉનું બીજુ મહત્વનું પાત્ર છે કીકુ શર્મા ઉર્ફે બંપર લોટરીનું. જોધપુરમાં જન્મેલા ૪૧ વર્ષના આ કલાકારે પણ આ શૉ માં પોતાનો એક ચાહક વર્ગ ઊભો કરી લીધો છે. શરીરના વિશાળ ઘેરાવાને (જાડાઈને) હાસ્યનું માધ્યમ બનાવીને રજુ કરીને સૌને હસાવે છે. કીકુ ખુબ સારો ડાંસર પણ છે.

આ શૉનું ઉંમરમાં સૌથી મોટું પાત્ર અલી અસગરનું છે. ૫૦ વર્ષના આ કલાકારે 'નાની' તરીકેની નામના મેળવી છે. અગાઉના શૉમાં આ નાની ખુબ શરાબ પીતી બતાવી હતી. પણ આ વખતે આ શૉમાં શરાબની બોટલને દૂર કરીને નાની અને શૉને વધુ પારિવારિક બનાવ્યા છે. રીશી કપુર જેવો ચહેરો ધરાવતા આ કલાકારે ઓછી હાઈટ, ગોટમટોળ શરીર ને ચહેરો હોવા છતાંય પોતાની મહેનતથી આ શૉમાં પ્રેક્ષકોના હદયમાં સ્થાન બનાવી લીધું છે.

આજ સુધી આપણે માણસને ગરીબ જોયો છે પણ 'ગરીબ ચહેરાવાળા'ની નવી વાત કપિલ સૌપ્રથમ આપણી સામે લાવે છે. અમૃતસરમાં જન્મેલો ચંદન પ્રભાકર નામનો આ કલાકાર આ શૉમાં 'ચંદુ ચા વાળા'નો રોલ પ્લે કરે છે. ધનવાન હોવા છતાંય ચહેરાપર ગરીબાઈનો અભિનય દર્શાવવો એ આ ચંદુનો સૌથી મોટો ચમત્કાર છે. તો વળી આ ચંદુના પુત્ર તરીકે એક બાળ કલાકારને પણ કપિલે 'ખજુર' ના રોલ માટે તક આપી છે. પટનામાં જન્મેલા આ ૧૨ વર્ષના 'કાર્તિક રાજ' નામના આ કલાકાર એકદમ આત્મવિશ્વાસથી ભરપુર છે. મોટા મોટા ફિલ્મ એક્ટરો સામે બિન્દાસ્તથી બોલીને સૌને હસાવે છે. આ શૉમાં સાચા સ્ત્રી પાત્ર તરીકે ડૉ. મશહુર ગુલાંટીની પુત્રી 'સરલા' નું પાત્ર ભજવે છે સુમોના ચક્રવર્તી ઓછી હાઈટ અને મોટા હોઠને સતત હાઈલાઈટ કરી કરીને કપિલે સૌનું ખુબ મનોરંજન કર્યું છે. જો કે આ સુમોના હજી સુધી પોતાની વ્યક્તિગત ઈમેજ આ શૉમાં બનાવી શકી નથી. કે એણે એવો કોઈ રોલ પણ નથી પ્લે કર્યો. માત્ર કપિલની કો-સહાયક તરીકે આવીને સોંપેલું કાર્ય કરી જાય છે.

લોટરી આ શૉનું ગ્લેમર છે. ૨૫ નવેમ્બરે ચેન્નઈમાં જન્મેલી આ રોયેલી રોય નામની પ્રખ્યાત મોડેલ એના સ્માઈલિંગ ફેઈસને કારણે સૌને પોતાની તરફ આકર્ષિત કરે છે. ડૉ. મશહુર ગુલાંટીની નર્સનો રોલ ખુબ સારી રીતે પ્લે કરે છે. એ સ્ટેજ ઉપર આવે છે ત્યારે કપિલ અને નવજ્યોત સિંધુ સહિત સૌના ચહેરા ઉપર રોનક છવાઈ જાય છે.

આ આખા શૉમાં મશહુર ગુલાંટીની જેમ માત્ર પોતાના અભિનયથી સૌને પ્રભાવિત કરનાર એક અદભુત પાત્ર આ શૉમાં છે. 'ખજુર'ની ટીચર 'વિદ્યાપતિ' મૂળ નામ સુગંધા મિશ્રા, મુંબઈની આ જાણીતી ગાયિકા અને કોમેડિયન છે. કપિલના શૉમાં પહેલા જ એપિસોડથી પોતાના અભિનય, ડાયલોગ્સ બોલવાની વિશિષ્ટ કલા અને સૂર લયના જ્ઞાનથી સૌને પ્રભાવિત કર્યા છે. હાસ્યના શૉમાં માત્ર ૨૦/૩૦ સેકન્ડમાં સંગીતના સાતેય સૂરોને કલાત્મક રીતે રજુ કરીને હાસ્ય પિરસનારી આ અભિનેત્રી ખુબ જ

અનુસંધાન પાના નં. ૭ પર